# રાજ્યમા સિંહ અને દિપડાના હુમલાથી માનવ મૃત્યુ અને ઇજા

★ 15/4/2290 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સિંહ અને દિપડા ધ્વારા કેટલા માનવ મૃત્યુના તથા માનવ ઇજાના બનાવો બન્યા, અને | (૧) |

| વર્ષ | સિંહ અને દિપડાના હુમલાથી થયેલા માનવ મૃત્યુ | સિંહ અને દિપડાના હુમલાથી થયેલ માનવ ઇજા |
|---|---|---|
| ૨૦૨૨ | ૧૭ | ૧૦૫ |
| ૨૦૨૩ | ૨૮ | ૧૩૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત મૃત્યુ અને ઇજાના બનાવોમાં મૃતકના વારસદારો અને ઇજાગ્રસ્તોને કેટલા કિસ્સામાં વળતર ચૂકવવામાં આવ્યું અને કેટલા કિસ્સામાં વળતર ચૂકવાનું બાકી છે? | (૨) ઉક્ત મૃત્યુ અને ઇજાના ૨૮૬ બનાવો બનવા પામેલ છે જે પૈકી ૨૫૯ કિસ્સાઓમાં વળતર ચુકવવામાં આવ્યુ છે. ૦૧ માનવ મૃત્યુના કિસ્સામાં પોલીસ તપાસ ચાલુ હોઇ, તેમજ ૦૫ ઇજાના કિસ્સાઓમાં અરજદાર દ્વારા અસહમતિ અથવા દસ્તાવેજ પુરાવાના અભાવે, એમ કુલ ૦૬ કિસ્સાઓમાં વળતર ચુકવવાનું બાકીમાં છે.<br>જ્યારે ૨૧ કિસ્સાઓમાં ત્રણ દિવસ કે તેથી વધુ સમય હોસ્પિટલમાં સારવાર લીધેલ ન હોઇ, વળતર ચુકવવાનું થતું નથી. |

ક્રમાંકઃવસપ/૧૦૨૦૨૪/તા.પ્ર.-૨૦/ડબલ્યુ
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.:-૨૦/૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા,
સચિવાલય, ગાંધીનગર.

તેઓશ્રીના તારીખઃ ૦૧/૦૨/૨૦૨૪ના પત્ર અન્વયે જરૂરી કાર્યવાહી સારું (વધારાની ત્રણ નકલો સાથે)

(મનીષ મોદી)
સંયુક્ત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

**નકલ રવાનાઃ**

૧. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(HoFF), અરણ્ય ભવન, સેકટર-૧૦,ગાંધીનગર.

૨. સંકલન શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૩. સિલેકટ ફાઇલ

# વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૨૨૯૦ ની પૂરક નોંધ

ગુજરાત સરકારશ્રીનાં સફળ વન્યપ્રાણી સંરક્ષણ પ્રયાસોના કારણે વન્યપ્રાણીઓ જેવા કે સિંહ તથા અન્ય વન્યપ્રાણીઓની વસ્તીમાં વધારો નોંધાયેલો છે. આવા વન્યપ્રાણીઓએ રેવન્યુ વિસ્તારોમાં પણ ખરાબા, નદીઓનાં પટ તેમજ પડતર રેવન્યુ વિસ્તારોમાં પણ સ્થળાંતર કરી કાયમી વસવાટ કરેલ છે.

વન્યપ્રાણી દવારા માનવ ઈજા, માનવ મૃત્યુ અને માલઢોર મારણના કેસમાં સરકાર ધ્વારા વળતર ચુકવવાની યોજના અમલમાં મુકેલ છે તેમજ આ વળતર ચુકાદા માટે સરકાર ધ્વારા સમયાંતરે વધારો કરવામા આવે છે. હાલ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક: વપસ/૧૦૨૦૧૫/સી.ફા.૬૨/ડબલ્યુ/સચિવાલય, ગાંધીનગર તા.૦૭/૦૬/૨૦૧૬ તા. ૧૮/૦૬/૨૦૧૬ તથા વપસ/૧૦૨૦૧૫/સી.ફા.૬૨/ડબલ્યુ/ સચિવાલય ગાંધીનગર તા.૦૫/૦૧/૨૦૨૨ મુજબ વળતર ચુકવવામાં આવેલ છે.

તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષ દરમ્યાન રાજ્યમાં સિંહ અને દિપડા દ્વારા કુલ-૪૫ માનવ મૃત્યુના બનાવો તેમજ કુલ-૨૪૧ માનવ ઇજાના બનાવો એમ મળી કુલ-૨૮૬ બનાવો બનવા પામેલ છે. રાજ્યમાં કુલ- ૨૫૯ કિસ્સાઓમાં વળતર ચુકવવામાં આવ્યુ તેમજ ૨૧ કિસ્સાઓમાં ત્રણ દિવસ કે તેથી વધુ સમય હોસ્પિટલમાં સારવાર લીધેલ ન હોઇ વળતર ચુકવવાનું થતુ નથી.૦૧ માનવ મૃત્યુના કિસ્સામાં મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાયેલ ન હોઇ પોલીસ સ્ટેશન ખાતે જાણ કરેલ હોઇ તપાસ અને પી.એમ. રીપોર્ટ આવવાનો બાકેમાં હોઇ તેમજ ૦૫ ઇજાના કિસ્સાઓમાં વળતર અરજદાર દ્વારા અસહમતિ અથવા દસ્તાવેજ પુરાવા ના હોઇ એમ કુલ ૦૬ કિસ્સાઓમાં વળતર ચુકવવાનું બાકીમાં છે.

સરકારશ્રીના વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધન અંગેના સફળ પ્રયત્નોને કારણે વન્યપ્રાણીઓની વસ્તીમાં ઉતરોતર વધારો થયેલ છે. વન વિસ્તારની બહાર રેવન્યુ વિસ્તારમાં પણ વન્યપ્રાણીઓ વસવાટ કરેલ છે. સિંહ/દિપડાઓ વન વિસ્તાર બહાર રેવન્યુ વિસ્તારમાં વસતા વન્યપ્રાણીઓના સંરક્ષણ માટે તમામ ક્ષેત્રિય સ્ટાફ ધ્વારા સતત પેટ્રોલીંગ / મોનીટરીંગ / અવલોકનની કામગીરી કરવામાં આવે છે.

જંગલના બોર્ડરના ગામડાઓમાં વન્યપ્રાણી મિત્રની ભરતી કરવામા આવેલ છે. ટ્રેકર્સોની ભરતી કરવામાં આવેલ છે. વન્યપ્રાણી વસવાટ વાળા ગામોમાં ગ્રામસભાઓ કરી ગામલોકોને વન્યપ્રાણી સિંહ/દિપડા ધ્યાને આવે તો તે અંગેની તાત્કાલીક વન વિભાગને જાણ કરવા અને વન્યપ્રાણીઓથી દુર રહેવા જણાવવામાં આવે છે. અને વન્યપ્રાણીઓથી સજાગ રહે તે માટે વન વિભાગ ધ્વારા પેમ્પ્લેટ છપાવી દરેક ગામોમાં તેનુ વિતરણ કરવામાં આવે છે અને લોક જાગૃતિના કામો કરવામાં આવે છે.

૨

# અગ્રતા ક્રમાંક.૧૭

શ્રી કાળુભાઈ રાઠોડ (ઉના)

**પ્રશ્ન –**

**માનવ વન્યપ્રાણી ઘર્ષણ ઘટાડવા તથા વન્યપ્રાણીઓના સંરક્ષણ માટે મહત્વના કયા પગલાં ભરવામાં આવે છે?**

**જવાબ –**

- વન્યપ્રાણી વસવાટ વાળા ગામોમાં ગ્રામસભાઓ કરી ગામલોકોને વન્યપ્રાણી સિંહ/દિપડા ધ્યાને આવે તો તે અંગેની તાત્કાલીક વન વિભાગના હેલ્પલાઈન નંબર ૧૯૨૬ અથવા ૮૩૨૦૦૦૨૦૦૦ પર જાણ કરવા અને વન્યપ્રાણીઓથી દુર રહેવા જણાવવામાં આવે છે.
- વન્યપ્રાણીઓ અને માનવઘર્ષણ ઓછુ થાય તે માટે ખેડુતોના ખેતરોમાં તેમના પાકના રક્ષણ કરવા માટે મંચાણ યોજના હેઠળ મંચાણનો ખર્ચ **રૂ.૧૭૩૦૦**/નાં **૨૫% રકમ** લાભાર્થી ફાળાની જોગવાઈ રાખવામાં આવે છે. જે જમીન માલિકી લાભાર્થીએ (ખેડુતે) ભોગવવાની રહેશે અને **૭૫% રકમ**ની સબસીડી મળવાપાત્ર થાય છે.
- સિંહોના સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા ખુલ્લા કુવામાં અકસ્માતે સિંહ, દિપડા પડી જતા અટકાવવા માટે કુવા ફરતે પેરાપીટ બાંધવાની કામગીરી માટે વન અને પર્યાવરણ વિભાગના તા.૦૧/૦૩/૨૦૧૯ ના ઠરાવથી લાભાર્થીઓને કુવાદીઠ યુનિટ કોસ્ટ **રૂ.૧૬,૦૦૦/–**નાં **૯૦ ટકા** અથવા ખરેખર ખર્ચના **૯૦ ટકા, એ બેમાંથી જે ઓછી રકમ** હોય તે મળવાપાત્ર થશે.

- તેમ છતાં કોઈ વન્યપ્રાણીઓના હુમલાથી માનવ મૃત્યુ/ઈજાની ઘટનાઓ બનતી હોય છે. જે સંદર્ભે વન્યપ્રાણીઓના હુમલાથી માનવ મૃત્યુ/ઈજાના પ્રસંગોએ સરકારશ્રીનાં તા.૦૫/૦૧/૨૦૨૨ના ઠરાવથી નક્કી થયેલ દર મુજબ વળતર ચુકવવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.
- તાત્કાલિક વન્યપ્રાણીનું રેસ્ક્યુ કરી શકાય તથા સમયસર સારવાર મળી રહે તે હેતુથી દક્ષિણ ગુજરાતમાં ભરૂચ, સુરત, વલસાડ, તાપી તથા ડાંગ ખાતે વન્યપ્રાણી માનવ વચ્ચે ઘર્ષણ ઘટાડવા માટે સાધનોથી સુસજ્જ એનીમલ કવીક રીસ્પોન્સ ટીમ તથા એનીમલ એબ્લ્યુલન્સ @ ૧૯૨૬, વર્ષ ૨૦૨૪-૨૫ની નવી બાબતની દરખાસ્તમાં આવરી લેવામાં આવેલ છે.

સહાય ચૂકવણી
ઠરાવ

**વન્યપ્રાણીના હુમલાથી થતાં માનવ મૃત્યુ / ઇજા તથા પશુ મૃત્યુ અંગે સહાય ચુકવવા તથા તેના દરોમાં વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક : વપસ/૧૦૨૦૧૫/સી.ફા.-૬૨/ડબલ્યુ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૧/૨૦૨૨

**વંચાણે લીધા :**

(૧) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : ડબલ્યુએલપી-૧૬૯૦-૨૧૮૨-વ.૨, તા.30-૦૫-૧૯૯૧.
(૨) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : ડબલ્યુએલપી-૧૬૯૦-૨૧૮૨-વ.૨, તા.૧૮-૧૧-૧૯૯૨.
(3) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : વપસ-૧૧૯૬-૪૧૧-ગ.૧, તા.૧૮-૦3-૧૯૯૬.
(૪) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : વપસ-૧૧૯૬-૪૧૧-ગ.૧, તા.૧૨-૦૮-૧૯૯૭
(૫) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : વપસ-૧૧૯૬-૪૧૧-ગ.૧, તા.૧૮-૦૫-૨૦૦૦
(૬) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : વપસ-૧૧૯૬-૪૧૧-ગ.૧, તા.30-૧૦-૨૦૦૧
(૭) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : વપસ-૧૧૯૬-૪૧૧-ગ.૧, તા.૧૬-૦3-૨૦૦૪
(૮) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : વપસ-૧૧૯૬-૪૧૧-ગ.૧, તા.30-૦૫-૨૦૦૬
(૯) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : વપસ/૧૦૨૦૧૦/સી.ફા-૬૨/ડબલ્યુ તા.૧૦/૦૫/૨૦૧૧
(૧૦) વન અને પર્યાવરણ વિભાગ ઠરાવ ક્રમાક વપસ/૧૦૨૦૧૫/સી.ફા-૬૨/ડબલ્યુ તા.૦૧/૧૦/૨૦૧૫.
(૧૧) વન અને પર્યાવરણ વિભાગ ઠરાવ ક્રમાક વપસ/૧૦૨૦૧૫/સી.ફા-૬૨/ડબલ્યુ તા.૦૭/૦૬/૨૦૧૬.
(૧૨) વન અને પર્યાવરણ વિભાગ ઠરાવ ક્રમાક વપસ/૧૦૨૦૧૫/સી.ફા-૬૨/ડબલ્યુ તા.૧૮/૦૬/૨૦૧૬.
(૧3) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યપ્રાણી), ગાંધીનગરના પત્ર ક્રમાંક : વપસ-ટે.૨૭-અ-300/૨૦૨૦-૨૧, તા.૧૯/૦૮/૨૦૨૦

**<u>ઠરાવ :</u>**

રાજયમાં આવેલ વન તથા અભયારણ્ય અને તેની નજીકના વિસ્તારમાં રહેતા વન્યપ્રાણીઓના હુમલાથી માનવ મૃત્યુ / ઈજા તથા પશુ મૃત્યુની ઘટનાઓ બનતી હોય છે. જે સંદર્ભે વન્યપ્રાણીઓના હુમલાથી માનવ મૃત્યુ / ઈજા તથા પશુ મૃત્યુના પ્રસંગોએ સરકારશ્રી દ્વારા આપવામાં આવતા વળતર / સહાયના દર છેલ્લે ઉક્ત વંચાણે લીધા ક્રમાંકઃ ૧૧ તથા ૧૨માં દર્શાવ્યા મુજબના અનુક્રમે તા.૦૭/૦૬/૨૦૧૬ અને તા.૧૮/૦૬/૨૦૧૬ના ઠરાવોથી નક્કી કરવામાં આવેલ હતા. જે વળતર / સહાયના દર વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

વન અને પર્યાવરણ વિભાગ

૨. કાળજીપૂર્વકની વિચારણાના અંતે ઉક્ત વંચાણે લીધેલ તમામ ઠરાવોમાંની માનવ મૃત્યુ / ઇજા તથા પશુ મૃત્યુ સહાય અંગેની જોગવાઈ આથી રદ કરવામાં આવે છે અને વન્યપ્રાણીઓના હુમલાથી માનવ મૃત્યુ /ઈજા તથા પશુ મૃત્યુના પ્રસંગોએ નીચે મુજબ સહાય ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | સહાય દર રૂપિયા |
|---|---|---|
| ૧. | **માનવ મૃત્યુ (વ્યક્તિ દીઠ)** | **૫,૦૦,૦૦૦/-** |
| ૨. | **માનવ ઇજા** | |
| | **૪૦ ટકાથી ૬૦ ટકા અપંગતા** | **૧,૦૦,૦૦૦/-** |
| | **૬૦ ટકાથી વધુ અપંગતા** | **૨,૦૦,૦૦૦/-** |
| ૩. | **૩ દિવસ અથવા તેથી વધુ સમય ઇજા પામેલ વ્યક્તિ હોસ્પિટલમાં દાખલ રહે તો** | **૧૦,૦૦૦/-** |
| ૪. | **પશુ મૃત્યુ સહાય (પશુ દીઠ)** | |
| ૪.૧ | **દૂધાળા પશુ** | |
| | **ગાય / ભેંસ માટે** | **૫૦,૦૦૦/-** |
| | **ઊંટ માટે** | **૪૦,૦૦૦/-** |
| | **ઘેટાં/બકરા માટે** | **૫,૦૦૦/-** |
| ૪.૨ | **બિન દૂધાળા પશુ** | |
| | **ઊંટ/ઘોડા/બળદ માટે** | **૨૫,૦૦૦/-** |
| | **રેલ્લો (પાડો-પાડી) / ગાયની વાછરડી / ગધેડો / પોની વગેરે** | **૨૦,૦૦૦/-** |

૩. આ ઠરાવ હુકમની તારીખથી અમલમાં આવશે અને આ ઠરાવ બહાર પાડતા પહેલાંના બનાવોમાં જો કોઇ વળતર ચુકવવાનું બાકી હોય તો તે જે તે સમયના પ્રવર્તમાન ઠરાવોના દર મુજબ ચુકવવાનું રહેશે.

૪. વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨માં દર્શાવેલ વન્યપ્રાણીની વ્યાખ્યામાં સમાવેશ થતાં વન્યપ્રાણીઓ જેવા કે, **સિંહ, વાઘ, દીપડા, રીંછ, મગર, વરૂ, જરખ અને જંગલી ભૂંડ** દ્વારા માનવ મૃત્યુ / ઇજા તથા પશુ મૃત્યુ થયેલ હોય તેવા કિસ્સામાં આ વળતર ચુકવવાનું રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણા વિભાગની તા.૨૯/૧૨/૨૦૨૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ. જે. પંડિત)
અધિક સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

વન અને પર્યાવરણ વિભાગ
ગુ.રા., ગાંધીનગર

પ્રશ્ન:-૧ વન્યપ્રાણીના હુમલાથી થતાં માનવ મૃત્યુ/ઈજા અંગે સહાય ચુકવવા અંગે.

જવાબ:

રાજ્યમાં આવેલ વન તથા અભયારણ્ય અને તેની નજીકના વિસ્તારમાં રહેતા વન્યપ્રાણીઓના હુમલાથી માનવ મૃત્યુ/ઈજાની ઘટનાઓ બનતી હોય છે. જે સંદર્ભે વન્યપ્રાણીઓના હુમલાથી માનવ મૃત્યુ/ઈજાના પ્રસંગોએ સરકારશ્રી દ્વારા આપવામાં આવતા વળતર/સહાયના દર તા.૦૫/૦૧/૨૦૨૨ના ઠરાવથી નીચે મુજબ ચુકવવામાં આવે છે.

| ક્રમ | વિગત | સહાય દર રૂપિયા |
|---|---|---|
| ૧ | માનવ મૃત્યુ (વ્યક્તિ દીઠ) | 500000/- |
| ૨ | માનવ ઈજા | |
| | ૪૦ ટકાથી ૬૦ ટકા અપંગતા | 100000/- |
| | ૬૦ ટકાથી વધુ અપંગતા | 200000/- |
| 3 | 3 દિવસ અથવા તેથી વધુ સમય ઈજા પામેલ વ્યક્તિ હૉસ્પીટલમાં દાખલ રહે તો | 10000/- |

(૯૪)

**પ્રશ્ન:-૨ વન્યપ્રાણીના હુમલાથી થતાં માનવ મૃત્યુ/ઈજા અંગે સહાય ચુકવવા અંગેની કાર્યપધ્ધતિ જણાવો.**

જવાબ: વન્યપ્રાણીના હુમલાથી થતા માનવ મૃત્યુ / ઇજાના બનાવો બનતા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ હાથ ધરી રોજકામ તથા સાધનિક કાગળો તૈયાર કરવામાં આવે છે.

વિભાગ દ્વારા મૃત્યુના કિસ્સામાં મેડિકલ ઓફિસરશ્રીના પી.એમના આધારે તેમજ પોલીસ તપાસના આધારે ૨૪ કલાકની અંદર અરજદારશ્રી/વારસદારના બેંકખાતામાં સહાયની રકમ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ચુકવવામાં આવે છે. તથા ઇજાના કિસ્સામાં લાગુ સી.એચ.સી સેન્ટરના ડોકટરશ્રીના અભિપ્રાયને ધ્યાને લઈ વ્યક્તિએ જો 3 દિવસ અથવા વધુ સમય હોસ્પિટલમાં દાખલ રહે તો અરજદારશ્રીના બેંકખાતામાં સહાયની રકમ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ચુકવવામાં આવે છે.

પ્રશ્ન:-3 વન્યપ્રાણીના હુમલાથી થતાં પશુ મૃત્યુ અંગે સહાય ચુકવવા અંગે.

જવાબ:- રાજ્યમાં આવેલ વન તથા અભયારણ્ય અને તેની નજીકના વિસ્તારમાં રહેતા વન્યપ્રાણીઓના હુમલાથી પશુ મૃત્યુની ઘટનાઓ બનતી હોય છે. જે સંદર્ભે વન્યપ્રાણીઓના હુમલાથી પશુ મૃત્યુના પ્રસંગોએ સરકારશ્રી દ્વારા આપવામાં આવતા વળતર/સહાયના દર તા.૦૫/૦૧/૨૦૨૨ના ઠરાવથી નીચે મુજબ ચુકવવામાં આવે છે.

| ક્રમ | વિગત | સહાય દર રૂપિયા |
|---|---|---|
| ૧ | પશુ મૃત્યુ સહાય (પશુ દીઠ) | |
| ૧.૧ | દુધાળા પશુ | |
| | ગાય/ભેંસ માટે | 50000/- |
| | ઊંટ માટે | 40000/- |
| | ઘેટાં/બકરા માટે | 5000/- |
| ૧.૨ | બિન દુધાળા પશુ | |
| | ઊંટ/ઘોડા/બળદ માટે | 25000/- |
| | રેલ્લો (પાડો-પાડી)/ ગાયની વાછરડી/ ગધેડો/ પોની વગેરે | 20000/- |

પ્રશ્ન:-૪ વન્યપ્રાણીના હુમલાથી થતાં પશુ મૃત્યુ અંગે સહાય ચુકવવા અંગેની પધ્ધતિ જણાવો.

જવાબ:

વન્યપ્રાણીના હુમલાથી થતા પશુમારણના બનાવો બનતા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ હાથ ધરી રોજકામ તથા સાધનિક કાગળો તૈયાર કરવામાં આવે છે.વિભાગ દ્વારા પશુમારણના કિસ્સામાં ૪૦ દિવસમાં અરજદારશ્રીના બેંકખાતામાં સહાયની રકમ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ચુકવવામાં આવે છે.

પ્રશ્ન:૨૮ દિપડા દ્વારા ૦૧ માનવ મરણના કિસ્સામાં ચુકવણું કરવાનું બાકીમાં છે ?

જવાબ: હા,જી

અત્રેના કાર્યક્ષેત્ર હેઠળના ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢ હેઠળની જામવાળા રેન્જના, લીમધ્રા રાઉન્ડની, જાવંત્રી-૨ બીટના ગામ-વડાળા, તા. તાલાલા, જી.ગીર-સોમનાથ વડાળા ગામના રેવન્યુ વિસ્તારમાં ધ્રુપેશભાઇ રઘુભાઇ ઝાલા, રે. સીધાજના શેરડીના વારમાં તા. ૧૪/૧૦/૨૦૨૩ ના રોજ માનવ-મૃત્યુના બનાવ નોંધાયેલ હતો. આ બનાવમાં શ્રીમતિ સેતુરીબેન મોતિયાભાઇ વસાવા ઉંમર વર્ષ-૫૫નું મૃત્યુ ક્યા કારણોસર થયેલ છે, તેનું ચોક્કસ કારણ જાણવા માટે તાલાલા તાલુકા પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવેલ છે તથા એફ.એસ.એલ. સેમ્પલ અર્થે જામનગર ખાતે મોકલેલ છે. જેનો તપાસ રીપોર્ટ આવવાનો બાકીમાં છે. જે રીપોર્ટ આવ્યેથી આ બનાવ વન્યપ્રાણી ધ્વારા મૃત્યુ થયાનું સાબિત થયેથી સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોનુસાર વળતર ચુકવવાની કાર્યવાહી કરવામાં આવશે.

પ્રશ્ન:૨૯ કોઇ બનાવમાં અરજદારશ્રીએ વળતરનો અસ્વીકાર કરેલ છે ?

જવાબ: હા, જી

અત્રેના કાર્યક્ષેત્ર હેઠળના જુનાગઢ વન્યજીવ વર્તુળના શેત્રુંજી વન્યજીવ વિભાગના જેસર રેન્જના જેસર વન્યજીવ રાઉન્ડની કરજાળા બીટમાં આવેલ તાતણીયા ગામના શ્રી ઇસાકભાઇ હનીફભાઇ ગાહા તા. ૧૬/૧૧/૨023 ના રોજ પોતાની માલિકીની વાડીના બકરા ચરાવતા હતા તે દરમ્યાન સિંહ દ્વારા તેઓશ્રીને ઇજા થયેલ હતી. જે ઇજા બાબતે અરજદારશ્રી દ્વારા ૪ દિવસ હોસ્પિટલમાં સારવાર લીધેલ હતી. સરકારશ્રીના ઠરાવની જોગવાઇ મુજબ “3 દિવસ અથવા તેથી વધુ સમય ઇજા પામેલ વ્યક્તિ હોસ્પિટલમાં દાખલ રહે તો” સહાય દર રૂ. ૧૦,૦૦૦/- ચુકવવાપાત્ર છે.

જે મુજબ અરજદારશ્રીને રૂ. ૧૦,૦૦૦/- સહાય મંજુર કરેલ હતી પરંતુ અરજદારશ્રી દ્વારા જણાવવામાં આવેલ કે તેઓશ્રીને સારવારનો ખર્ચ રૂ. ૩૦,૦૦૦ થી રૂ. ૩૫,૦૦૦૦ થયેલ છે. આમ ,અરજદારશ્રીએ વળતર વધારે માંગણી કરી સહાય પેટે મંજુર કરવામાં આવેલ રૂ. ૧૦,૦૦૦/- નો અસ્વીકાર કરવામાં આવેલ.

પ્રશ્ન:30 કોઇ બનાવમાં 3 દિવસથી ઓછી સારવાર લીધેલ હોઇ ચુકવણું ના કરવામાં આવેલ ?

જવાબ: હા, જી

વન્યપ્રાણી દ્વારા ઇજાના કિસ્સામાં મેડીકલ ઓફીસરશ્રી દ્વારા ઇજાગ્રસ્તએ હોસ્પિટલમાં લીધેલ સારવાર અંગેના રીપોર્ટ મુજબ 03 દિવસથી ઓછી સારવાર લીધેલ હોય તેમ દર્શાવેલ હોય તો તેવા કિસ્સાઓમાં સરકારશ્રીના ઠરાવ મુજબ ચુકવણું કરવાનું થતુ નથી.

પ્રશ્ન:૩૧ કોઇ બનાવમાં ૩ દિવસથી ઓછી સારવાર લીધેલ હોઇ ચુકવણું ના કરવા અંગે સરકારશ્રીના ઠરાવમાં જોગવાઇ છે ?

જવાબ: હા, જી

વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક: વપસ/૧૦૨૦૧૫/સી.ફા.-૬૨/ડબલ્યુ તા. ૦૫/૦૧/૨૦૨૨ માં જણાવ્યા અનુસાર વન્યપ્રાણીઓના હુમલાથી માનવ મૃત્યુ/ઇજા બાબતેની જોગવાઇ મુજબ "૩ દિવસ અથવા તેથી વધુ સમય ઇજા પામેલ વ્યક્તિ હોસ્પિટલમાં દાખલ રહે તો" સહાય દર રૂ. ૧૦,૦૦૦/- ચુકવવાપાત્ર છે.

ઉપર્યુક્ત જોગવાઇ ધ્યાને લેતા, વન્યપ્રાણી દ્વારા ઇજાના કિસ્સામાં મેડીકલ ઓફીસરશ્રીના રીપોર્ટ મુજબ ઇજાગ્રસ્તએ હોસ્પિટલમાં ૦૩ દિવસથી ઓછી સારવાર લીધેલ હોય તેમ દર્શાવેલ હોય તો તેવા કિસ્સાઓમાં સરકારશ્રીના ઠરાવ મુજબ ચુકવણું કરવાનું થતુ નથી.

પ્રશ્ન:૩૨ દિપડાના હુમલા થી સુત્રાપાડા ખાતે એક વૃધ્ધાનું મૃત્યુ થવા પામેલ જેની વિગત?

જવાબ: વન વિભાગના કાર્યક્ષેત્ર હેઠળના સુત્રાપાડા રાઉન્ડની કણજોતર બીટના મટાણા ગામના રેવન્યુ વિસ્તારમાં તા. ૧૫/૦૮/૨૦૨૩ ના રોજ લખમીબેન સામતભાઇ નકુમ ઉ.વ. ૭૨ વહેલી સવારે પોતાની માલિકીની ઓસરીમાં બેઠા હતા ત્યારે અચાનક દીપડાએ આવી માથાના કપાળના ભાગે, માથાના ભાગે, જમણા ગાલના ભાગે તથા જમણા હાથની પહેલી આંગળીના ભાગે નહોરથી ઇજા કરેલ.

જો અંગે ઇજાગ્રસ્તે પ્રાથમિક સારવાર સરકારી દવાખાના કોડીનાર ખાતે ખાતે મેળવી વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ જુનાગઢ ખાતે ખસેડેલ જ્યાં મજકુરે તા. ૧૫/૦૮/૨૦૨૩ થી તા. ૧૮/૦૮/૨૦૨૩ સુધી સારવાર મેળવી, તા. ૧૮/૦૮/૨૦૨૩ ના રોજ દર્દીને રજા આપવામાં આવેલ.

સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: વપસ/૧૦૨૦૧૫-સિ.ફા.-૬૨/ડબલ્યુ તા. ૦૫/૦૧/૨૦૨૨ ની જોગવાઇ મુજબ માનવ ઇજાના કિસ્સામાં ચુકવવાપાત્ર સહાય રૂ. ૧૦,૦૦૦/- મૃતકના પરિવારજનોને તા. ૨૭/૦૯/૨૦૨૩ ના રોજ ચુકવવામાં આવેલ છે.

વધુમાં, મેડીકલ ઓફિસરશ્રી, GMERS, મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ, જુનાગઢના પી.એમ. અહેવાલ નં પી.એમ.નં. ૪૬૪/૨૦૨૩ તા. ૩૦/૦૮/૨૦૨૩ થી આપવામાં આવેલ પી.એમ.રીપોર્ટમાં મૃત્યુના કારણ અંગેના કોલમ નં. ૫ માં જણાવ્યા અનુસાર મોતનું કારણ દિપડાના હુમલામાં સારવાર દરમ્યાન થયેલ તેમજ કોલમ નં ૨૩ માં જણાવ્યા અનુસાર મોતનું કારણ હાર્ટ એટેક આવવાથી હ્રદય અને ફેફસા બંધ થવાથી થયેલ આમ પી.એમ. રીપોર્ટમાં વિરોધાભાસ હોઇ નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ દ્વારા

મેડીકલ ઓફીસરશ્રી, GMERS, મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ, જુનાગઢ પાસે સ્પષ્ટતા માંગવામાં આવેલ હતી. મેડીકલ ઓફીસરશ્રી, GMERS, મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ, જુનાગઢના જણાવ્યા અનુસાર મોત દિપડાના હુમલો કરતા સારવાર દરમ્યાન થયેલ જે હકીકત પંચનામાં ના અધારે જણાવેલ અને પંચનામું પોલીસ દ્વારા ભરેલ હતું જ્યારે પોસ્ટમોર્ટમ કર્યાબાદ પી.એમ. રીપોર્ટમાં મૃત્યુનું કારણ હાર્ટ એટેક આવવાથી હ્રદય અને ફેફસા બંધ પડી જવાથી થયેલ હોવાનું દર્શાવેલ છે. જેથી માનવ મૃત્યુ અંગે સહાય ચુકવવાની થતી ના હોઇ માનવ મૃત્યુ અંગેના સરકારશ્રીના ઠરાવ મુજબ સહાય ચુકવવામાં આવેલ નથી.

ઇજાના અમુક સમય પછી મૃત્યુ થયેલ હોય તપાસ બાદ વન્યપ્રાણી હુમલાથી મૃત્યુ થયાનું સાબિત થાય પછી, જો ચુકવણું કરવાનું થતું હોય તો ચુકવણું કરવામાં આવશે.